ટ્રાન્સજેન્ડર વેલ્ફેર ફંડ ઉભું કરવા
રૂ.૫૦.૦૦ લાખની ખર્ચ કરવાની
વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૯/૨૮૦૦૭૬/છ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૦૯/૨૦૧૯.

વંચાણે લીધા :-

(૧) આ વિભાગનો તા.૧૫.૦૨.૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૮/૨૪૬૨૫૬/છ.૧
(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:-સસુખા/બલભ/ટી.જી./કલ્યાણ ફંડ /૯૩૨/૨૦૧૯-૨૦ તા.૨૬/૦૬/૨૦૧૯.
(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૩.૦૮.૨૦૧૯નો પત્ર નં.સસુખા/યજન/ નવી-બાબત/૨૦૧૯-૨૦/૨૯૮.
(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૩.૦૮.૨૦૧૯નો પત્ર નં.સસુખા/યજન/ નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૪૫.

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવેલી છે.

ટ્રાન્સજેન્ડર સમુદાયના કલ્યાણ અર્થે અલગ-અલગ યોજનાઓના વિકાસ માટે વર્ષ ૨૦૧૯-૨૦માં ટ્રાન્સજેન્ડર વેલ્ફેર ફંડ ઉભુ કરવા વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજ પત્રમાં મંજૂર રહેલ નવી બાબતની રૂ.૫૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૩) અને (૪) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૨) થી (૪) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ટ્રાન્સજેન્ડર વેલ્ફેર ફંડ ઉભું કરવા રૂ.૫૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આથી નીચેની શરતોને અધિન આપવામાં આવે છે.

શરતો-

(૧) આ ફંડના ઉપયોગ અંગે જોગવાઈઓ તૈયાર કરી જેનો ઉપયોગ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓની વિવિધ કલ્યાણકારી કામગીરી તેમજ તેમની ઓળખ અંગે ઓળખકાર્ડ આપવા, લોક જાગૃતિ, સર્વે અંગેની અને અન્ય ટ્રાન્સજેન્ડરને લગત માટે કરવામાં આવશે જે અંગે કાર્યયોજના તૈયાર કરી તે અંગે વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

(૨) આ ફંડના ઉપયોગ અંગે વિભાગની પૂર્વ પરવાનગી લઈ જે તે રાષ્ટ્રીયકૃત બેંકમાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરના નામનું અલગથી ખાતું ખોલાવી તે બેંકના ખાતામાં આ ફંડ જમા કરાવવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાન્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિંત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં. ૯૨, ૨૨૩૫ - સામાજિક સુરક્ષા અને કલ્યાણ, ૦૨ - સમાજ કલ્યાણ, ૨૦૦ - અન્ય કાર્યક્રમ, ૦૪ SSW-01 ટ્રાન્સજેન્ડર વેલ્ફેર બોર્ડ

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૭/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર. કે. પાંડર )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/ બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.